પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૭ ● અંક : ૧૪૫ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૩-૦૨-૨૦૨૪ મંગળવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## બિહારમાં જદયુ-ભાજપની સરકાર રહેશે, નીતિશ કુમારે ફ્લોર ટેસ્ટ પાસ, ૧૨૯ વોટથી બહુમતી સાબિત કરી



પટણા,

બિહાર વિધાનસભામાં વિશ્વાતમત પસાર કરવામાં આવ્યો હતો. જેમાં એનડીએને ૧૨૯ વોટ મળ્યા હતા. આમ, ફરીથી બિહારમાં નીતીષ સરકાર બની રહેશે. જોકે, રાજદ અને કોંગ્રેસ વિશ્વાસમત હાંસલ કરી શકયા નથી જ્યાં નીતિશ કુમારની આગેવાની હેઠળની નવી સરકારે સત્તા પ્રાપ્ત કર્યાના ૧૫ દિવસ બાદ આજે એટલે કે સોમવારે ગૃહમાં વિશ્વાસ મત જીતી લીધો છે. બિહાર વિધાનસભામાં પહેલા વિશ્વાસ મતને લઈને ચર્ચા થઈ, પછી વિશ્વાસ મતને ધ્વનિ મતથી પસાર કરવામાં આવ્યો અને તે પછી મતદાન થયું હતું. આ દરમિયાન વિપક્ષના સભ્યોએ ગૃહમાંથી વોકઆઉટ કર્યો હતો. વોટિંગમાં નીતિશ સરકારના પક્ષમાં ૧૨૯ વોટ મળ્યા જ્યારે વિરોધમાં ૦ વોટ મળ્યા હતા.નીતિશ સરકારે ગૃહમાં વિશ્વાસ મત જીતતાની સાથે જ બિહારમાં છેલ્લા ૧૫ દિવસથી ચાલી રહેલી રાજકીય રમત અને અટકળોનો એક રીતે અંત આવ્યો હતો. વાસ્તવમાં ગૃહમાં ફ્લોર ટેસ્ટ પહેલા વિપક્ષ એટલે કે મહાગઠબંધન દ્વારા સરકાર લઘુમતીમાં હોવાનો દાવો કરવામાં આવ્યો હતો, પરંતુ ફ્લોર ટેસ્ટમાં વિપક્ષનો આ દાવો ખોટો સાબિત થયો હતો. ઉલ્લેખનીય છે કે, બિહાર વિધાનસભામાં કુલ ધારાસભ્યોની સંખ્યા ૨૪૩ છે. ગૃહમાં બહુમત સાબિત કરવા માટે ૧૨૨ ધારાસભ્યોનું સમર્થન જરૂરી છે, પરંતુ ફ્લોર ટેસ્ટમાં નીતિશ સરકારને આ સંખ્યા કરતા વધુ ધારાસભ્યોનું સમર્થન મળ્યું હતું.

ગૃહમાં ચર્ચા દરમિયાન નીતિશ કુમાર અને તેજસ્વી યાદવ સિવાય ડેપ્યુટી સીએમ વિજય સિંહા અને સમ્રાટ ચૌધરીએ પણ પોતાનો પક્ષ રજૂ કર્યો હતો. આ દરમિયાન નીતિશ કુમારે તેજસ્વી યાદવ પર નિશાન સાધ્યું અને તેજસ્વી યાદવે નીતીશ કુમાર પર ખૂબ નિશાન સાધ્યું હતું.

આ પહેલા તેજસ્વી યાદવે બિહારના સીએમ નીતિશ કુમાર પર નિશાન સાધ્યું છે. તેજસ્વી યાદવે કહ્યું કે, તમે જાણ કર્યા વિના ગવર્નર હાઉસ ગયા, કમસેકમ તમારે પૂછવું જોઈતું હતું અને કોઈ મૂંઝવણ હતી તો કહેવી જોઈતી હતી. નીતિશ કુમાર પર નિશાન સાધતા તેજસ્વીએ કહ્યું કે, હું તમને ૯ વખત સીએમ બનવા બદલ અભિનંદન આપું છું, પરંતુ એક જ ટર્મમાં ૩ વખત સીએમ બનવાનો આ અદભૂત નજારો મેં પહેલીવાર જોયો છે. સમ્રાટ ચૌધરી પર નિશાન સાધતા તેજસ્વી યાદવે કહ્યું કે, તેમણે કહ્યું કે ભાજપ મારી માતા છે, પરંતુ હું કહું છું કે અસલી માતા આરજેડી છે.

તેજસ્વી યાદવે કહ્યું કે, તમે જાણ કર્યા વિના ગવર્નર હાઉસ ગયા, કમસેકમ તમારે પૂછવું જોઈતું હતું અને કોઈ મૂંઝવણ હતી તો કહેવી જોઈતી હતી. નીતીશ કુમાર પર નિશાન સાધતા તેજસ્વીએ કહ્યું કે, હું તમને ૯ વખત સીએમ બનવા બદલ અભિનંદન આપું છું, પરંતુ એક જ ટર્મમાં ૩ વખત સીએમ બનવાનો આ અદભૂત નજારો મેં પહેલીવાર જોયો છે. સમ્રાટ ચૌધરી પર નિશાન સાધતા તેજસ્વી યાદવે કહ્યું કે, તેમણે કહ્યું કે ભાજપ મારી માતા છે, પરંતુ હું કહું છું કે અસલી માતા આરજેડી છે.

વિજય સિંહાજી એક ટર્મમાં સ્પીકર, વિપક્ષના નેતા અને ડેપ્યુટી સીએમ બન્યા, આ માટે અભિનંદન. તેજસ્વી યાદવે કહ્યું કે, સીએમ આદરણીય હતા અને રહેશે. મને સાથે કામ કરવાનો મોકો મળ્યો અને મેં કામ કર્યું છે. તેણે ઘણી વખત કહ્યું કે, તેજસ્વી મારા પુત્ર સમાન છે, મેં તેને મારો વાલી પણ માન્યો છે. નીતિશ કુમારે ઘણી વખત જાહેરમાં કહ્યું હતું કે, હવે માત્ર તેજસ્વી જ આગળ વધશે, પરંતુ કદાચ મારી સાથે વનવાસની સ્થિતિ સર્જાશે. હું સંમત છું કે કોઈ મજબૂરી હશે પણ હું તેને વનવાસ ગણતો નથી. પહેલીવાર જ્યારે નીતીશ કુમારે આવું કર્યું ત્યારે પણ કહ્યું હતું કે, તેજસ્વી જે કંઈ છે તે ક્લિઅર કરો.

તેજસ્વી યાદવે કહ્યું કે, હું નીતિશ જીનું સન્માન કરું છું અને ભવિષ્યમાં પણ તેમનું સન્માન કરીશ. બિહારના લોકો જાણવા માંગે છે કે તમે શા માટે જ્યાં-ત્યાં દોડો છો. આપણે ૨૦૨૦ની ચૂંટણી જીત્યા. નીતિશજીએ કહ્યું હતું કે, જો હું દ્રઢઇ છોડીશ તો હું મરી જઈશ, ગાયબ થઈ જઈશ. તમે કહ્યું હતું કે, અમારો એકમાત્ર ઉદ્દેશ્ય દેશના વિપક્ષને એકત્ર કરવાનો છે. જ્યારે સીએમ ગવર્નર હાઉસમાં સરકારને પછાડવા ગયા ત્યારે તેમણે કહ્યું કે તેમને એવું નથી લાગ્યું. નીતીશજીએ તે કામ કર્યું જે તેમણે અશક્ય કહ્યું હતું. ત્યારે નીતીશજીએ ૨૦૨૦માં કહ્યું હતું કે, પૈસા ક્યાંથી આવશે, પિતાનું નામ લઈને કહ્યું કે, ક્યાંથી રોજગાર આપશે. તેજસ્વી યાદવે કહ્યું કે, હું વિપક્ષમાં હોવાનો મને દુઃખ નથી, મને ગર્વ છે કે મેં ૧૭ મહિનામાં કામ કર્યું છે, જે એક રેકોર્ડ છે.

તેજસ્વીએ કહ્યું કે, મેં તો ત્યાં સુધી કહ્યું હતું કે હું સરકારને બહારથી સમર્થન આપીશ પરંતુ ૨૦૨૪માં ઈન્ડિયા એલાયન્સ માટે સાથે મળીને લડીશ. રામાયણનો ઉલ્લેખ કરતાં તેજસ્વીએ કહ્યું કે દશરથ રામ વનવાસમાં જાય તેવું ઈચ્છતા ન હતા, પરંતુ કૈકેયી તેને ઈચ્છતા હતા. તમે લાંબુ આયુષ્ય જીવો, તમે રાજા રહો, પણ તમારી સાથે બેઠેલા કૈકેયીને પણ ઓળખો. પોતાના ભાષણ દરમિયાન તેજસ્વીએ સમ્રાટ ચૌધરીની પાઘડી પર પણ સવાલો ઉઠાવ્યા હતા. તેજસ્વી યાદવે ગૃહમાં કહ્યું કે શું પીએમ મોદીજી ગેરંટી લેશે કે નીતિશ જી પલટશે કે નહીં.

મુખ્યમંત્રીએ બોલવાનું શરૂ કર્યું તો વિપક્ષી દળોએ હંગામો શરૂ કર્યો હતો. તેના પર નીતીશ કુમારે કહ્યું કે જો નથી સાંભળવા ઈચ્છતા તો મતદાન કરાવી લેવામાં આવે. અમે બધાની વાત સાંભળી છે. અમને ૨૦૦૫માં કામ કરવાની તક મળી. તે પહેલા તેના પિતાજી અને માતાજીને સરકાર ચલાવવાની તક મળી. યાદ કરો કોઈ રોડ હતો શું, કોઈ સાંજ બાદ ઘરમાંથી નિકળી શકતા હતા?

બિહાર વિધાનસભામાં ફ્લોર ટેસ્ટ પર મુખ્યમંત્રી નીતીશ કુમારે કહ્યું કે અમે ગૃહમાં વિશ્વાસ મતનો પ્રસ્તાવ રાખ્યો, જેના પર વિવિધ નેતાઓએ પોતાની વાત રાખી હતી. મુખ્યમંત્રીએ બોલવાનું શરૂ કર્યું તો વિપક્ષી પાર્ટીઓએ હંગામો કર્યો હતો. તેના પર નીતીશ કુમારે કહ્યું કે જો તમારે સાંભળવું ન હોય તો સીધું વોટિંગ કરવું જોઈએ. અમે દરેકની વાત સાંભળી છે. અમને ૨૦૦૫ થી કામ કરવાની તક મળી. તે પહેલા તેમના પિતા અને માતાને સરકાર ચલાવવાની તક મળી હતી. યાદ રાખો, ક્યાંય કોઈ રસ્તો હતો, શું કોઈ સાંજ પછી ઘરની બહાર નીકળવા સક્ષમ હતું? તેઓ મુસલમાનોની વાત કરે છે, દરરોજ હિન્દુ-મુસ્લિમ ઝઘડા થતા હતા. અમે હિંદુ-મુસ્લિમ સંઘર્ષ અટકાવ્યો. ૧૫ વર્ષમાં મુસ્લિમોને ન્યાય ન મળ્યો, અમે આવ્યા પછી કાર્યવાહી કરી. કેટલો વિકાસ થયો છે.

નીતીશ કુમારે કહ્યું કે જે અમારા લોકોના પક્ષમાં છે તેના મત પણ લઈ લો અને વિપક્ષમાં છે તેના પણ મત લઈ લો. તેના પર ડેપ્યુટી સ્પીકરે કહ્યું- હાં, ના કરતા ધ્વનિમતથી બહુમત પાસ કરવાની જાહેરાત કરી હતી. વિપક્ષી સભ્યોએ ગૃહમાંથી વોકઆઉટ કર્યું હતું.

## સરકાર સામે આરપારની લડાઈમાં ગુજરાતમાં ખેડૂતો પણ જોડાશે

અમદાવાદ,

ખેડૂતો હવે પોતાની માંગ પૂરી કરાવવા માટે સરકાર સામે આર-પારની લડાઈના મૂડમાં છે. સંયુક્ત કિસાન મોરચા અને કિસાન મજદૂર મોરચા સહિત ૨૬ ખેડૂત સંગઠનોએ ૧૩ ફેબ્રુઆરીના રોજ દિલ્હી કૂચ કરવાના એલાન બાદ હવે ૧૬ ફેબ્રુઆરીએ ભારત બંધનું એલાન કર્યું છે. બીજી તરફ હરિયાણા સરકારે ખેડૂતોને રોકવા માટે પોતાની તમામ તાકાત લગાવી દીધી છે. પંજાબ અને હરિયાણા બોર્ડર સંપૂર્ણપણે સીલ કરી દેવામાં આવી છે. આ સાથે જ મોટી સંખ્યામાં સુરક્ષા દળો તૈનાત કરવામાં આવ્યા છે. ત્યારે ગુજરાતમાં પણ ખેડૂતોનો વિરોધ જોવા મળશે. ગુજરાતના ખેડૂતો દિલ્હી નહિ જાય, પરંતુ અહી જ દેખાવો કરીને વિરોધ દર્શાવશે.

આવતીકાલે ૧૩ ફેબ્રુઆરીએ દેશભરના ખેડૂતોએ ૨૦ હજાર ટ્રેક્ટર સાથે સંસદ ઘેરવાનું આયોજન કર્યું છે. ત્યારે ગુજરાતમાં પણ આ આંદોલનનો સળવળાટ જોવા મળ્યો છે. સંયુક્ત કિસાન મોરચાના આદેશને પગલે ગુજરાતના ખેડૂતો દિલ્હી નહિ જાય, પરંતુ ગુજરાતમાં જ વિવિધ સ્થળોએ રસ્તા રોકો આંદોલન કરીને વિરોધ પ્રદર્શન કરશે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાતના ખેડૂતો દિલ્હી નહિ જાય, પરંતું વિવિધ પડતર માંગણીઓને લઈને રસ્તા પર નીકળશે. સંયુક્ત કિસાન મોરચાએ દિલ્હી આસપાસના રાજ્યોના ખેડૂતોને સંસદ માર્ચમાં ભાગ લેવા અપીલ કરી છે.

ખેડૂત નેતા ડાહ્યાભાઈ પટેલે માહિતી આપી કે, ૧૬ ફેબ્રુઆરીએ જિલ્લા તાલુકા મથકોએ ખેડૂતો રસ્તા રોકો આંદોલન કરશે. આ રીતે ખેડૂતો પોતાનો વિરોધ વ્યક્ત કરશે. ખેડૂતો સાથે કેન્દ્ર સરકારે અન્યાય કર્યો છે. તેથી આ વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે. ખેડૂતોને સાથ આપવા માટે નાના કારખાનાથી લઈને ઉદ્યોગોએ એક દિવસ બંધ પાળવા નક્કી કર્યું છે. આ ઉપરાંત ગામડાઓમાં પણ બંધનુ એલાન અપાયું છે.

## લોકોને રોજગારી નથી મળી રહી અને મોંઘવારીનો સામનો કરી રહ્યા છે : રાહુલ ગાંધી



કોરબા,

લોકસભાની ચૂંટણી શરૂ થવામાં હવે ગણતરીના મહિનાઓ જ બાકી છે. આવી સ્થિતિમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ મણિપુરથી મુંબઈ સુધી ૬,૭૦૦ કિલોમીટરથી વધુની ભારત જોડો ન્યાય યાત્રા શરૂ કરી છે. તેમણે છત્તીસગઢના કોરબાથી આજે ફરી યાત્રા શરૂ કરી હતી. તમને જણાવી દઈએ કે, આ યાત્રા ૧૪ જાન્યુઆરીએ મણિપુરથી શરૂ થઈ હતી અને ૨૦ માર્ચે મુંબઈમાં સમાપ્ત થશે. આસામમાં આ યાત્રા ૨૫ જાન્યુઆરી સુધી ચાલશે અને ૧૫ રાજ્યોના ૧૧૦ જિલ્લામાંથી પસાર થશે.

કોંગ્રેસના મહાસચિવ (સંચાર) જયરામ રમેશે કહ્યું, 'બિહારની રાજનીતિમાં શું કહી શકાય. જ્યારે પલ્ટી કુમાર શાસન કરે છે, ત્યારે કોઈને ખબર નથી કે તે કઈ તરફ વળશે. ફ્લોર ટેસ્ટ કરાવવો જરૂરી છે.ભાજપ અમારી પાર્ટીને તોડવામાં વ્યસ્ત છે, આરજેડીને તોડવામાં વ્યસ્ત છે અને તેઓ નિષ્ફળ જશે.રાહુલ ગાંધીએ ફરી એકવાર ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું. તેમણે મોંઘવારી અને વધતી બેરોજગારીનો સામનો કરવા માટે લોકો પર પ્રહારો કર્યા હતા.

કોંગ્રેસ નેતાએ તેમની 'ભારત જોડો ન્યાય યાત્રા' દરમિયાન છત્તીસગઢના કોરબા જિલ્લામાં એક સભાને સંબોધિત કરી હતી. તેમણે લોકોને જાગવાનું કહ્યું અને દાવો કર્યો કે તેમના ખિસ્સા લૂંટાઈ રહ્યા છે અને તેમને ગેરમાર્ગે દોરવામાં આવી રહ્યા છે. તેમણે દાવો કર્યો હતો કે પછાત વર્ગો, દલિતો અને આદિવાસીઓ દેશની વસ્તીના ૭૪ ટકા હિસ્સો ધરાવે છે, પરંતુ આ સમુદાયોમાંથી એક પણ વ્યક્તિ ભારતની ટોચની ૨૦૦ કંપનીઓની માલિકી ધરાવતો નથી, જેમને 'દેશની તમામ સંપત્તિ' આપવામાં આવી રહી છે.

તેમણે કહ્યું કે, 'ભાજપ તેને હિંદુ રાષ્ટ્ર કહે છે પરંતુ દેશની ૭૪ ટકા વસ્તી અને સામાન્ય ગરીબોને કંઈ નથી મળી રહ્યું. તેઓ ત્યાં માત્ર થાળી પીરસવા, રિંગ બેલ વગાડવા, મોબાઈલ ફોન બતાવવા અને ભૂખે મરવા માટે છે. મને કહો, શું તમે રામ મંદિરના ઉદ્‌ઘાટન સમયે કોઈ ગરીબ, મજૂર, બેરોજગાર કે નાના વેપારીને જોયો છે? મેં માત્ર (ગૌતમ) અદાણી જી, (મુકેશ) અંબાણી જી, અમિતાભ બચ્ચન સહિતના ફિલ્મ સ્ટાર્સ અને અન્ય મોટા ઉદ્યોગપતિઓને જોયા. અદાણી જી, અંબાણી જી, તેમની પત્ની અને બાળકો મોટા મોટા નિવેદનો આપી રહ્યા હતા.

તેને આર્થિક અન્યાય ગણાવતા ગાંધીએ કહ્યું કે લોકોને રોજગારી નથી મળી રહી અને મોંઘવારીનો સામનો કરી રહ્યા છે, જ્યારે અદાણી અને અંબાણી ચાઈનીઝ વસ્તુઓ વેચીને નફો કમાઈ રહ્યા છે.

## રામ મંદિર પહોંચવા સૌરાષ્ટ્રના મુસાફરોને વધુ એક ભેટ, ભાવનગરથી અયોધ્યા આસ્થા ટ્રેન કરાઈ શરૂ



ભાવનગર,

રામ મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા બાદ હર કોઈ ગુજરાત વાસીની પ્રથમ ઈચ્છા અયોધ્યા જવાની છે. જોકે આ વાતને ધ્યાને રાખીને સરકાર દ્વારા ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે, જેમાં ગુજરાતના વિવિધ જીલલાઓ માંથી ટ્રેન દોડવામાં આવી રહી છે. આજે ભાવનગર ખાતેથી આસ્થા સ્પેશયલ ટ્રેન રવાના થઈ છે, આ દરમ્યાન ધારાસભ્ય જીતુ વાઘાણી ખાસ હાજર રહ્યા હતા.

શ્રી રામના દર્શન માટે અયોધ્યાના દ્વાર તો લોકો માટે ખુલી જ ગયા છે અને દર્શનાર્થે જવા માટે ભક્તોની ભીડ ઉમટી પડી છે. ત્યારે વડાપ્રધાન મોદીના આદેશ મુજબ ભાવનગરમાંથી પણ આસ્થા ટ્રેન શરૂ કરી દેવાઈ છે. ભાવનગરના નવાપરા રેલવે મથકથી ૧૩૦૦થી વધુ ભક્તો અયોધ્યા જવા માટે રવાના થયા. આ દરમિયાન જીતુ વાઘાણી પણ સ્થળ પર ઉપસ્થિત રહ્યા.

ધારાસભ્યએ ભક્તોને શુભકામના પાઠવી. અયોધ્યા પ્રસ્થાન કરનાર ભક્તોમાં રાષ્ટ્રીય સ્વયંસેવકસંઘ, વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકરો સહિતના ભક્તો પણ જોડાયા. મહત્વનું છે, તમામ ભક્તો શ્રી રામના દર્શન કરી શકે તે માટે તંત્રએ વ્યવસ્થા સજ્જ કરી છે. જેથી કોઈ અગવડતા ન પડે. ત્યારે ભક્તોમાં પણ ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

## માત્ર ૨૪ કલાકમાં ગુજરાત હિટવેવની ઝપેટમાં આવશે, હવામાન વિભાગ

અમદાવાદ,

રાજ્યમાં વાતાવરણને લઈ હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. આગામી ૫ દિવસ વાતાવરણ સૂકું રહેશે. તેમજ આગામી ૨૪ કલાક બાદ તાપમાનમાં વધારો થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

રાજ્યમાં લોકો સવારે ઠંડી તેમજ બપોરે ગરમીનો અનુભવ કરી રહ્યા છે. આગામ ૫ દિવસ વાતાવરણ સૂકું રહેશે. તેમજ ૫ દિવસ વરસાદની કોઈ શક્યતા નહી હોવાની હવામાન વિભાગ દ્વારા આગાહી કરી છે. આગામી ૨૪ કલાક રાજ્યમાં તાપમાનનો પારો યથાવત રહેશે. તેમજ ૨૪ કલાક બાદ તાપમાનમાં સામાન્ય વધારો થવાની સંભાવના છે. તાપમાનમાં ૨ થી ૩ ડિગ્રીનો વધારો થતા ગરમીનો અહેસાસ થશે.

આ બાબતે હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું હતું કે, આગામી પાંચ દરમ્યાન વરસાદ નહી થાય તેવી આગાહી કરવામાં આવી છે. આગામી ૨૪ કલાક બાદ તાપમાનમાં બે થી ત્રણ ડિગ્રીનો વધારો થવાની હવામાન વિભાગ દ્વારા આગાહી કરવામાં આવી છે. તાપમાનની વાત કરીએ તો ગાંધીનગરમાં ૧૫.૫ ડિગ્રી તાપમાન નોંધાયું છે. તાપમાનમાં વધારો થવાથી લોકો થોડો ગરમીનો અનુભવ કરી શકે છે. હાલ અમદાવાદમાં તાપમાન ૧૬.૫ ડિગ્રી નોંધાયુ છે. જ્યારે નલિયામાં સૌથી ઓછું ૯.૫ ડિગ્રી તાપમાન નોંધાયું છે. ૨૪ કલાક બાદ અમદાવાદનું મિનિમમ તાપમાન ૧૮ ડિગ્રી આસપાસ પહોંચશે. ત્યારે હવામાન વિભાગ લોન્ગ ફોરકસ્ટ મુજબ ફેબ્રુઆરીના ૩ સપ્તાહમાં દિવસ અને રાતના તાપમાનમાં સામાન્ય વધ-ઘટ થતા ગરમીનો અહેસાસ થઈ શકે છે.

## વારાણસીની જ્ઞાનવાપી મસ્જિદ કેસની સુનાવણી ૧૫ ફેબ્રુઆરી સુધી સ્થગિત

વારાણસી,

ઉત્તર પ્રદેશમાં વારાણસીની જ્ઞાનવાપી મસ્જિદના દક્ષિણી ભોંયરામાં હિંદુ પક્ષને પૂજા કરવા માટે જિલ્લા ન્યાયાધીશ દ્વારા પરવાનગી આપવાના કેસમાં આજે અલ્હાબાદ હાઈકોર્ટમાં મહત્વપૂર્ણ સુનાવણી હાથ ધરવામાં આવી હતી. દરમિયાન, જિલ્લા ન્યાયાધીશ વારાણસી દ્વારા ૩૧ જાન્યુઆરીએ હિન્દુ પક્ષને પૂજા કરવાની મંજૂરી આપવાના નિર્ણય પર રોક લગાવવાની માંગ કરવામાં આવી છે. આ સાથે ભોંયરામાં પૂજાની પરવાનગી પર પ્રતિબંધ મૂકવાની પણ માંગ કરવામાં આવી હતી. આ કેસની સુનાવણી જસ્ટિસ રોહિત રંજન અગ્રવાલની સિંગલ બેંચમાં થઈ હતી.

વારાણસી કોર્ટના આદેશ સામે અપીલ કરનાર અંજુમન ઈન્તેજામિયા મસ્જિદ કમિટીના વકીલો એસએફએ નકવી અને પુનિત ગુપ્તાની દલીલો સાંભળ્યા બાદ નકવીની વિનંતી પર જસ્ટિસ રોહિત રંજન અગ્રવાલે સુનાવણી મોકૂફ રાખવાનો આદેશ આપ્યો હતો. અંજુમન ઈન્તેજામિયા તરફથી હાજર રહેલા એફએફએ નકવીએ દલીલ કરી હતી કે વિવાદિત મિલકત પર વાદી (વ્યાસ પરિવાર)નો અધિકાર નક્કી કરવામાં આવ્યો નથી અને આમ વાદીનો હક નક્કી કર્યા વિના પૂજાની મંજૂરી આપતો હુકમ ગેરકાયદેસર છે. સોમવારે, મુસ્લિમ પક્ષે કોર્ટના આદેશોની પ્રમાણિત નકલો પણ ફાઈલ કરી હતી જે અગાઉ ફાઈલ કરવામાં આવી ન હતી અને આ નકલો રેકોર્ડ પર મૂકવામાં આવી હતી. હિન્દુ પક્ષ દ્વારા વિવાદિત મિલકતનો કબજો દર્શાવતા કેટલાક પરિપત્રો હિન્દુ પક્ષ દ્વારા દાખલ કરવામાં આવ્યા હતા. ૩૧ જાન્યુઆરીએ આપેલા પોતાના આદેશમાં વારાણસી કોર્ટે હિન્દુ શ્રદ્ધાળુઓને જ્ઞાનવાપી સંકુલમાં સ્થિત વ્યાસજીના ભોંયરામાં પ્રાર્થના કરવાની પરવાનગી આપી હતી.

## દિલ્હીની એમિટી સ્કૂલમાં બોમ્બની ધમકી મળતા ખળભળાટ મચી ગયો

નવીદિલ્હી,

દિલ્હીના સાકેત સ્થિત એમિટી સ્કૂલમાં બોમ્બની ધમકીના કારણે ગભરાટ ફેલાયો હતો. સોમવારે સવારે ૯ વાગ્યાની આસપાસ સ્કૂલને ધમકીભર્યો મેલ મળ્યો હતો. બોમ્બની માહિતી મળતાં જ સ્કૂલ પ્રશાસન એક્શનમાં આવી ગયું હતું. શાળા પરિસર ખાલી કરાવવામાં આવ્યું હતું. બોમ્બ સ્કવોડ અને ફાયર બ્રિગેડ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. મેલમાં કહેવામાં આવ્યું છે કે ૧૩ ફેબ્રુઆરીએ તેમના પર બોમ્બ વિસ્ફોટ કરવામાં આવશે. આ સાથે પૈસાની પણ માંગણી કરવામાં આવી છે. સમગ્ર શાળાની તપાસ કરવામાં આવી હતી. હજુ સુધી કંઈ મળ્યું નથી. પોલીસ ટીમ સ્થળ પર છે. આ પહેલા ૨ ફેબ્રુઆરીએ દિલ્હીના આરકે પુરમ સ્થિત એક ખાનગી શાળામાં બોમ્બ બ્લાસ્ટની ધમકી મળી હતી. આ પછી તરત જ શાળા પરિસરને ખાલી કરાવવામાં આવ્યું અને સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું. ગયા વર્ષે સપ્ટેમ્બરમાં, આરકે પુરમ સ્થિત લાલ બહાદુર શાસ્ત્રી સ્કૂલને કોઈએ ઈમેલ દ્વારા આવી જ ધમકી આપી હતી, જે પાછળથી અફવા સાબિત થઈ હતી. મથુરા રોડ પર સ્થિત દિલ્હી પબ્લિક સ્કૂલને પણ ગયા વર્ષે મે મહિનામાં આવો જ ઈમેલ મળ્યો હતો. તે સમયે પણ શાળામાં બોમ્બ હોવાના સમાચાર અફવા સાબિત થયા હતા. સાદિક નગરની ભારતીય શાળાને ૧૨ એપ્રિલ, ૨૦૨૩ અને નવેમ્બર ૨૦૨૨ના રોજ બોમ્બ વિસ્ફોટની ધમકીઓ મળી હતી, પરંતુ આ બંને ધમકીઓ અફવા સાબિત થઈ હતી.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીની શ્રીલંકા અને મોરેશિયસને ભેટ, બંને દેશોમાં UPI સેવાઓ શરૂ



નવીદિલ્હી,

વડા પ્રધાન નરેન્દ્ર મોદી, શ્રીલંકાના રાષ્ટ્રપતિ રાનિલ વિક્રમસિંઘે અને મોરેશિયસના વડા પ્રધાન પ્રવિંદ જુગનાથે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા મોરેશિયસ અને શ્રીલંકા સાથે ભારતની ડિજિટલ પેમેન્ટ કનેક્ટિવિટીનો પ્રારંભ કર્યો હતો. તમને જણાવી દઈએ કે ગયા વર્ષે જુલાઈમાં શ્રીલંકાના રાષ્ટ્રપતિ રાનિલ વિક્રમસિંઘેની નવી દિલ્હીની મુલાકાત દરમિયાન, ભારત અને શ્રીલંકાએ દ્વીપીય દેશમાં યુપીઆઈની સંસ્કૃતિ પર એક કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

બંને દેશોમાં યુપીઆઈ સેવાઓ શરૂ કર્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, 'આજનો દિવસ હિંદ મહાસાગર ક્ષેત્રના ત્રણ દેશો માટે ખાસ છે. આજે આપણે આપણા ઐતિહાસિક સંબંધોને આધુનિક ડિજિટલ રીતે જોડી રહ્યા છીએ. પ્રજાને આપેલા વિકાસના વાયદાઓનું આ પ્રમાણ છે. ફિનટેક કનેક્ટિવિટી માત્ર ક્રોસ-બોર્ડર ટ્રાન્ઝેક્શનમાં જ મદદ કરશે નહીં પરંતુ ક્રોસ-બોર્ડર સંબંધોને પણ મજબૂત કરશે.યુપીઆઈ પાસે હવે નવી જવાબદારી છે.

તેમણે વધુમાં કહ્યું કે, 'ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ભારતમાં મોટું પરિવર્તન લાવ્યું છે. આપણા નાનામાં નાના ગામડાઓમાં નાનામાં નાના વેપારીઓ પણ ડિજિટલ પેમેન્ટ કરી રહ્યા છે. તેમાં સગવડની સાથે ઝડપ પણ છે. 'નેબરહુડ ફર્સ્ટ' એ ભારતની નીતિ છે. અમારો મેરીટાઈમ અભિગમ સાગર છે, જે આ ક્ષેત્રમાં તમામ માટે સુરક્ષા અને વિકાસ માટે વપરાય છે. અમારું લક્ષ્ય સમગ્ર ક્ષેત્રમાં શાંતિ, સુરક્ષા અને વિકાસ છે.

મોરેશિયસમાં યુપીઆઈના લોન્ચિંગ પ્રસંગે વડાપ્રધાન પ્રવિંદ જગનાથએ કહ્યું, 'આ મહત્વપૂર્ણ અવસર પર તમારી સાથે જોડાઈને ઘણો આનંદ થઈ રહ્યો છે. રૂપે કાર્ડ અમારી રાષ્ટ્રીય ચુકવણી સ્વીચ સાથે સહ-બ્રાન્ડેડ છે. મોકાર્ડને મોરેશિયસમાં ઘરેલું કાર્ડ તરીકે ગણવામાં આવશે. ભારત અને મોરેશિયસ સાંસ્કૃતિક, વ્યાપારી અને લોકો વચ્ચેના સંબંધો વહેંચે છે. આ સંબંધ સદીઓથી અસ્તિત્વમાં છે. આજે આપણે તેને એક નવી દિશામાં લઈ જઈ રહ્યા છીએ.

શ્રીલંકાના રાષ્ટ્રપતિ રાનિલ વિક્રમસિંઘેએ કહ્યું, 'વડાપ્રધાન નરેન્દ્ર મોદી તમારા માટે આ બીજી મહત્વપૂર્ણ ક્ષણ હશે. હું તમને રામ મંદિર માટે અભિનંદન આપું છું. તે બંને દેશો વચ્ચેના સાંસ્કૃતિક અને આર્થિક સંબંધોને પ્રતિબિંબિત કરે છે. બંને દેશો વચ્ચે હજારો વર્ષોથી પેમેન્ટ ચાલુ છે, પરંતુ તે સમયે સેન્ટ્રલ બેંક ન હતી. અમારા સંગ્રહમાં ઘણા સિક્કા છે, જે વિવિધ ગ્રામીણ વિસ્તારોમાંથી એકત્ર કરવામાં આવ્યા છે. આજે આપણે ટેકનોલોજીને અપગ્રેડ કરી રહ્યા છીએ. તમારી પાસે શ્રીલંકાના ઊઈ અને એનઆઈપીએલ એકસાથે છે. ભારતીય પ્રવાસીઓ શ્રીલંકાની મુલાકાત લેતા હોવાથી આપણા દેશના દરેક ગામમાં તેનો ઉપયોગ કરવામાં આવશે.

તાજેતરમાં, ૨ ફેબ્રુઆરીના રોજ, ફ્રાન્સની રાજધાની પેરિસમાં આઈકોનિક એફિલ ટાવર ખાતે યુપીઆઈ લોન્ચ કરવામાં આવ્યું હતું. જ્યારે ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન ભારતની મુલાકાતે આવ્યા ત્યારે તેમણે જયપુરમાં યુપીઆઈ ચુકવણીની સુવિધાનો અનુભવ કર્યો. ઉલ્લેખનીય છે કે ભારતની યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ સિસ્ટમ સિંગાપોર અને યુએઈ સહિત અન્ય દેશો સાથે દ્વિપક્ષીય સંબંધોને વધારવામાં મહત્વની ભૂમિકા ભજવી રહી છે. પેરિસમાં યુપીઆઈના ઔપચારિક લોન્ચની પ્રશંસા કરતા પીએમ નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે યુપીઆઈ વૈશ્વિક બનાવવાની દિશામાં આ એક મહત્વપૂર્ણ પગલું છે.'

યુપીઆઈએ ભારતની મોબાઈલ આધારિત પેમેન્ટ સિસ્ટમ છે. તે એક એવી સિસ્ટમ છે જે એક જ મોબાઈલ એપ્લિકેશનમાં બહુવિધ બેંક ખાતાઓ પ્રદાન કરે છે. ૨૦૨૩ માટે ભારત-ફ્રાન્સ સંયુક્ત નિવેદનમાં, બંને દેશોએ ડિજિટલ સિસ્ટમને મજબૂત બનાવવાની હિમાયત કરી હતી. તમને જણાવી દઈએ કે એનપીસીઆઈ ઈન્ટરનેશનલ પેમેન્ટ્સ લિમિટેડ અને ફ્રાન્સની લાઈરા કલેકટએ ફ્રાન્સ અને યુરોપમાં યુનિફાઈડ પેમેન્ટ ઈન્ટરફેસ લાગુ કરવા માટે એક કરાર પર હસ્તાક્ષર કર્યા છે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદ જીલ્લામાં અલગ-અલગ ત્રણ અકસ્માતમાં ત્રણ વ્યકિતના મોત : ૩ ને ઈજાઓ




દાહોદ,

દાહોદ જીલ્લામાં વાહન ચાલકોની ગફલતના કારણે માર્ગ અકસ્માતના ત્રણ બનાવોમાં ત્રણ વ્યકિતઓના મોત નીપજયાંનું જયારે ત્રણ વ્યક્તિઓને શરીરે ઈજાઓ પહોંચતાં નજીકના દવાખાના સારવાર માટે લઈ જવામાં આવ્યાં હોવાનું જાણવા મળે છે.

દાહોદ જીલ્લામાં માર્ગ સલામતીના નિયમોનું પાલન થતું ન હોવાનું જોવાઈ રહ્યું છે. દાહોદ જીલ્લામાં દિનપ્રતિદિન માર્ગ અકસ્માતોના બનાવો વધી રહ્યાં છે. માર્ગ અકસ્માતોમાં નિર્દોષ લોકો પોતાનો જીવ ગુમાવી રહ્યાં છે. ત્યારે વિતેલા ચોવીસ કલાકની અંદર દાહોદ જીલ્લામાં માર્ગ અકસ્માતના ત્રણ બનાવોમાં ત્રણ વ્યકિતઓના મોત નીપજયાંનું જાણવા મળે છે. જેમાં માર્ગ અકસ્માતનો પ્રથમ બનાવ લીમખેડા તાલુકાના પાલ્લી ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૧૦મી ફેબ્રુઆરીના રોજ એક અજાણી ક્રુઝર ફોર વ્હીલર ગાડીના ચાલકે પોતાના કબજાની ક્રુઝર ફોર વ્હીલર ગાડી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી તે સમયે રસ્તાની સાઈડમાં ઉભેલા વિપુલભાઈ કાન્તીભાઈ સંગાડા તથા ત્યાંથી મોટરસાઈકલ લઈ પસાર થઈ રહેલા વનરાજસિંહ શનાભાઈ સોલંકી (રહે. ભોરવા, વેડ ફળિયા, તા. ધાનપુર, જી.દાહોદ) અને તેમની સાથેના તખતસિંહનાઓને અડફેટમાં લેતાં ત્રણેયને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચી હતી જેમાંથી વનરાજભાઈના શરીરે ફોર વ્હીલર ગાડીનું ટાયર ચડી જતાં તેઓને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેમનું મોત નીપજયું હતું. જ્યારે વિપુલભાઈ તથા તખતસિંહને નજીકના દવાખાને સારવાર માટે લઈ જવામાં આવ્યાં હતાં. આ સંબંધે ઈજાગ્રસ્ત વિપુલભાઈ કાન્તીભાઈ સંગાડાએ લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો બીજો બનાવ લીમખેડા તાલુકાના શાષ્ટા ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૧૧મી ફેબ્રુઆરીના રોજ એક ઈક્કો ફોર વ્હીલર ગાડીના ચાલકે પોતાના કબજાની ઈક્કો ફોર વ્હીલર ગાડી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી તે સમયે અન્ય વાહનને ઓવરટેક કરવા જતાં તે સમયે ત્યાંથી મોટરસાઈકલ લઈ પસાર થઈ રહેલા પંકજભાઈ અર્જુનભાઈ મકવાણા (રહે. દુધીયા, હાંડી ફળિયા, તા.જી.દાહોદ) નાને અડફેટમાં લઈ જોશભેર ટક્કર મારતાં પંકજભાઈ મોટરસાઈકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાયાં હતાં જેને પગલે તેઓને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેમનું મોત નીપજ્યું હતું. આ સંબંધે કરણકુમાર રૂપસીંગભાઈ મકવાણાએ લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો ત્રીજો બનાવ દેવગઢ બારીઆ તાલુકાના દુધીયા ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૧૧મી ફેબ્રુઆરીના રોજ એક મોટરસાઈકલના ચાલકે પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી તે સમયે ત્યાંથી મોટરસાઈકલ લઈ પસાર થઈ રહેલા ગોવિંદભાઈ પ્રભાતભાઈ બારીઆ (રહે.દુધીયા, દુકાન ફળિયા, તા.દેવગઢ બારીઆ, જી.દાહોદ) નાની મોટરસાઈકલને અડફેટમાં લેતાં ગોવિંદભાઈ મોટરસાઈકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાયાં હતાં જેને પગલે તેઓને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેમનું મોત નીપજયું હતુ જયારે અકસ્માત સર્જનાર મોટરસાઈકલના ચાલકને પણ શરીરે ઈજાઓ થતાં તેમને પણ નજીકના દવાખાને સારવાર માટે લઈ જવામાં આવ્યાં હતાં. આ સંબંધે ગણપતભાઈ શકરાભાઈ બારીઆએ સાગટાળા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ જીલ્લામાં બે અલગ-અલગ શારીરિક માનસીક ત્રાસના ગુનામાં પરણિતાઓએ સાસરીયા વિરૂદ્ધ ફરિયાદ કરી

દાહોદ,

દાહોદ જીલ્લામાં સ્ત્રી અત્યાચારના બનેલા બે બનાવો બનાવ પામ્યાં છે. જેમાં બંન્ને બનાવોમાં પરણિતાઓને તેમના પતિ તથા સાસરીયાઓ દ્વારા શારિરીક અને માનસીક ત્રાસ આપી પહેરેલ કપડે ઘરમાંથી કાઢી મુકતાં બંન્ને પરણિતાઓ દ્વારા ન્યાયની ગુહાર માટે મહિલા પોલીસ મથકના દરવાજા ખટખટાવ્યાંનું જાણવા મળે છે.

સ્ત્રી અત્યારનો પ્રથમ બનાવ દાહોદ શહેરના ગોવિંદનગર વિસ્તાર ખાતે સહયોગનગર ખાતે રહેતાં ૫૭ વર્ષિય પુર્ણીમાબેન યોગેશભાઈ શીર્કે સાથે બનવા પામ્યો હતો. જેમાં પુર્ણીમાબેન દ્વારા દાહોદ મહિલા પોલીસ મથકે તેઓના પતિ યોગેશભાઈ મધુસુદન શીર્કે વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યાં અનુસાર, તેઓના લગ્ન તારીખ ૦૧.૦૬.૧૯૯૦ના રોજ તેઓના સમાજના રિત રીવાજ મુજબ થયાં હતા. ત્યારે લગ્નના ૩૦ વર્ષ જેવુ સારૂં રાખ્યાં બાદ પતિ યોગેશભાઈનું પોત પ્રકાશ્યું હતું અને પતિન પુર્ણીમાબેન સાથે અવાર નવાર એનકેન પ્રકારે ઝઘડો તકરાર કરી, વારંવાર મારઝુડ કરી, અન્ય પુરૂષોના શક, વહેમ રાખી ઘરમાંથી નીકળી જવાની તેમજ મારી નાંખવાની ધમકી આપી શારિરીક અને માનસીક ત્રાસ આપતાં આવા અમાનુષી ત્રાસથી વાજ આવેલ પરણિતા પુર્ણીમાબેન યોગેશભાઈ શીર્કે દ્વારા પોતાના પતિ યોગેશભાઈ વિરૂધ્ધ દાહોદ મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

બીજો બનાવ ઝાલોદ તાલુકાના ગોલાણા ગામે બનવા પામ્યો હતો. જેમાં દાહોદ જીલ્લાના સીંગવડ ગામે રહેતાં ૨૫ વર્ષિય પરણિતા પુષ્પાબેન ગુમાનભાઈ ડગ્યાના લગ્ન તારીખ ૧૦.૦૩.૨૦૨૩ના રોજ ઝાલોદ તાલુકાના ગોલાણા ગામે ચોકડી વિસ્તારમાં રહેતાં વિજયભાઈ મલસીંગભાઈ સંગાડા સાથે સમાજના રીતરીવાજ મુજબ થયાં હતા. ત્યારે પરણિતા પુષ્પાબેનને લગ્ન બાદ એક દિવસ જેવુ સારૂ રાખ્યા બાદ પતિ વિજયભાઈ, સસરા મલસીંગભાઈ મનીચાભાઈ સંગાડા, સાસુ હુમલીબેન મલસીંગભાઈ સંગાડા તથા સાસરી પક્ષના શંકરભાઈ મલસીંગભાઈ સંગાડાનું પોત પ્રકાશ્યું હતું અને પતિ વિજયભાઈ દ્વારા પરણિતા પુષ્પાબેન સાથે અવાર નવાર ઝઘડો તકરાર કરી, મારઝુડ કરતા હતા. ત્યારે પરણિતા પુષ્પાબેનને સાસરીપક્ષના લોકો દ્વારા ઘરના કામકાજ બાબતે મેહણા, ટોણા મારી, ઘરમાંથી નીકળી જવાની ધમકીઓ આપતાં હતાં અને પરણિતા પુષ્પાબેનને તેના પિતાના ઘરેથી ઘરેણા તેમજ રૂપિયા લઈ આવવા તેમજ કહેજની માંગણી કરી, જો નહીં લાવે તો મારી નાંખવાની ધમકીઓ આપી પરણિતા પુષ્પાબેનને પતિ તથા સાસરીયાઓ દ્વારા શારિરીક અને માનસીક ત્રાસ આપતાં આ સંબંધે પરણિતા પુષ્પાબેને તેમની પિયરની વાટ પકડી હતી અને આ સંબંધે પતિ તથા સાસરીપક્ષના લોકો વિરૂધ્ધ દાહોદ મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ તાલુકા પોલીસ મથકમાં જામીન અવેજમાં ૧૦ હજારની લાંચ લેતાં પોલીસ મથકના વોટરમેન (પટાવાળો) ગાંધીનગર ACBના છટકામાં આબાદ ઝડપ્યો

## દાહોદ તાલુકા પોલીસ મથકના ASI નારણભાઈ સંગાડા વતી લાંચ લેતાં વોટરેમન (પટાવાળો) ACBમાં છટકામાં સપડાયો



નારણભાઈ રસુલભાઈ સંગાડા



કનુભાઈ રાવજીભાઈ રાવત

દાહોદ,

દાહોદ તાલુકામાં આવેલ દાહોદ રૂરલ પોલીસ મથકના એએસઆઈ તથા વોટરમેન (પટાવાળા) દ્વારા એક વ્યકિતના જામીન કરાવવા માટે જાગૃત નાગરિક પાસેથી ૧૦,૦૦૦/-રૂપીયાની લાંચની માંગણી કરી હતી. લાંચની રકમ આપવા ન માંગતા અરજદારે દાહોદ એસીબીનો સંપર્ક કરી ફરિયાદ કરતાં એસીબીએ દાહોદ રૂરલ પોલીસ મથકે છટકું ગોઠવી વોટરમેન (પટાવાળા)ને ૧૦ હજારની લાંચ લેતાં રંગેહાથે ઝડપી પાડતા જીલ્લાના પોલીસ બેડામાં ખળભળાટ મચી જવા પામ્યો છે.

દાહોદ તાલુકાના તાલુકા પોલીસ મથકના વર્ગ-૩ના એએસઆઈ નારણભાઈ રસુલભાઈ સંગાડા તથા પોલીસ મથકમાં વોટરમેન (પટાવાળા) તરીકે રાયજીભાઈ રાવત જે પોલીસ મથકમાં ફરજ બજાવતા હોય આ પોલીસ મથકમાં જાગૃત નાગરિકના ભાભીએ તેમના બીજા ભાઈ વિરૂદ્ધ પોલીસ મથકે અરજી કરેલ હોય એ અરજીમાં અરજદાર જાગૃત નાગરિકના જામીન થઈ ગયા હતા. જે જામીન કરાવવાના અવેજ પેટે ૧૦,૦૦૦/-રૂપીયાની લાંચની માંગણી કરી હતી. જે લાંચની રકમ અરજદાર આપવા માંગતા ન હોય જેથી એસીબીના ટોલ ફ્રી ૧૦૬૪ ઉપર એસીબીનો સંપર્ક કર્યો હતો. એસીબીને થતાં ગાંધીનગરની ટીમ દ્વારા દાહોદ રૂરલ પોલીસ મથકમાં લાંચ માંગતા એએસઆઈને ઝડપી પાડવા માટે છટકું ગોઠવામાં આવ્યું હતું. જેમાં અરજદાર સાથે એએસઆઈ નારણભાઈ સંગાડા તથા વોટરમેન (પટાવાળા) દ્વારા ૧૦,૦૦૦/-રૂપીયાની લાંચ લેતા ઝડપી પાડવામાં આવ્યો. ગાંધીનગર એસીબીના હાથે લાંચ લેતા પટાવાળા ઝડપાઈ જતાં તાલુકા પોલીસ મથકના અજાણ કર્મચારીઓ સ્તબ્ધ થઈ ગયા હતા. એએસઆઈ વતી લાંચ લેતા પટાવાળો ઝડપાઈ જતાં આ બાબતે ગાંધીનગર એસીબી પોલીસના પી.આઈ. એચ.પી.ચાવડા દ્વારા ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# ઝાલોદ રામનગરમાં બાળ ક્રિંડાગણને તાળાબંધી કરતા રોષ

ઝાલોદ,

ઝાલોદના રામનગર પાસે કેટલાક વર્ષ અગાઉ બાળકોને રમત ગમત મળે તે આશયથી બનાવવામાં આવેલ બાળ ક્રિડાંગણ જાળવણીના અભાવે જોખમી થઈ જતા રિપેરીંગ કરાવવા અનેકવાર રજુઆતો કરવા છતાં દયાને લેવાના બદલે નગરપાલિકાએ તાળાબંધી કરી દેતા વાલીઓમાં રોષ ફેલાયો છે. ઝાલોદમાં રામનગર નજીક બાળકોને રમવા અને મનોરંજન મળી રહે તે માટે બાળ ક્રિડાંગણને બનાવવામાં આવ્યો હતો. જેમાં બાળકોને રમવા માટે સાધનો લગાવવામાં આવ્યા હતા. અને નગરના બાળકો પણ હોંશે હોંશે રમવા આવતા હતા. ત્યારબાદ સમયસર સાધનોની જાળવણી ન કરાતા તેમાં લગાવવામાં આવેલા લપસણીના પતરા, બેસવા માટેની બેંચ, ઝુલા સહિત અન્ય સાધનો તુટી જતાં બાળકો માટે જોખમી બન્યા હતા. સાથે સાથે આસપાસની દિવાલો જર્જરિત હોવાના કારણે રિપેરીંગ કરવા સ્થાનિકો દ્વારા અનેવાર રજુઆતો કરવામાં આવી હતી પરંતુ આ અંગે કોઈ કાર્યવાહી હાથ ધરવામાં ન આવતા આવા બિસ્માર હાલતમાં ફેરવાઈ ગયેલ બગીાને નગરપાલિકાએ તાળુ મારી બંધ કરી દેવાતા વાલીઓમાં રોષ જોવા મળ્યો હતો. આગામી મહિનામાં ઉનાળુ વેકેશન પડશે. ઝાલોદમાં એકમાત્ર બાળ ક્રિડાંગણ જે નગરપાલિકા દ્વારા તાળુ મારી બંધ કરી દેવામાં આવ્યો છે.જેથી નગરના વાલીઓમાં પોતાના બાળકોને રમગ ગમત માટે ત્યાં ક્યાં લઈ જવા એ પ્રશ્ન ઉભો થયો છે. ત્યારે નગરપાલિકા દ્વારા બાળક્રિડાંગણ સાધનોની જરૂરી મરામત કરાવી પુનઃ શરૂ કરવામાં આવે તેવી લોકોની માંગણી ઉઠવા પામી છે.

# લીમખેડા-દે.બારીઆ રોડ પર જીપની અડફેટે શિક્ષકનું મોત

લીમખેડા,

લીમખેડા પોલીસ મથક નજીક રોડની સાઈડમાં ઉભેલા પ્રાથમિક શિક્ષક તથા તેના બે મિત્રોને ક્રુઝર જીપે અડફેટે લેતા શિક્ષકનુ ઘટના સ્થળે મોત નીપજયું હતુ. જયારે બંને મિત્રોને ગંભીર ઈજાઓ થતાં સારવાર અર્થે દાહોદ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. લીમખેડા પોલીસે ફરાર ક્રુઝર ચાલકની તપાસ હાથ ધરી છે.

ધાનપુર તાલુકાના ભોરવા ગામની પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા વનરાજસિંહ શનાભાઈ સોલંકી પોતાની મોટરસાયકલ બગડી જતાં તેમના મિત્ર વિપુલ સંગાડાની મોટરસાયકલ લઈને વનરાજી શના સાથે ધાનપુર ગયા હતા. અને પરત લીમખેડા આવ્યા હતા ત્યારે લીમખેડા પોલીસ મથકની બાજુમાં બારીયા-ધાનપુર ચોકડી પર તેમના મિત્ર વિપુલને તેની મોટરસાયકલ પરત આપતા હતા ત્યારે લીમખેડા તરફથી એક અજાણી ક્રુઝર જીપના ચાલકે પુરઝડપે હંકારી લાવી રોડની સાઈડમાં ઉભેલા ત્રણેય મિત્રોને ટકકર મારતા ભોરવા પ્રા.શાળાના વનરાજ શનાભાઈ સોલંકીનુ ઘટના સ્થળે મોત નીપજયું હતુ. જયારે તખ્તસિંહ જયંતિ પટેલિયા તથા વિપુલ સંગાડાને માથા અને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. આ બાબતે લીમખેડા પોલીસ મથકે ક્રુઝર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવવા પામી હતી.

# દે.બારીઆ પાલિકાએ લાખોના ખર્ચે ખરીદેલ કચરાપેટીઓ ધુળ ખાઈ રહી છે

દે.બારીઆ,

દે.બારીઆ નગરપાલિકા દ્વારા ૨૦૨૩ના વર્ષમાં લાખો રૂપિયાના ખર્ચે ખરીદેલ કચરાપેટીઓ ધુળ ખાઈ રહી છે. એક વર્ષ અગાઉ ખરેદેલ કચરાપેટીઓ સહિતના સાધનો મુકી રાખવામાં આવ્યા છે. આ બાબતે ત્વરિત તપાસ થાય તે જરૂરી બન્યુ છે.

દે.બારીઆ નગરપાલિકા દ્વારા નગરની સફાઈને લઈ લાખો રૂપિયાના ખર્ચે નાની-મોટી કચરાપેટીઓની ખરીદી કરી તે કચરાપેટીઓ ઉપયોગમાં લેવાની જગ્યાએ નગરના બળિયા બાપજી મંદિર પાસે આવેલા કોમ્યુનિટી હોલમાં મુકી રાખવામાં આવી છે. જે કચરા પેટીઓ ઉપર વર્ષ-૨૦૨૩ના સ્ટીકર પણ મારેલા દેખાય છે. જેથી એક વર્ષ અગાઉ આ ખરીદેલી કચરા પેટીઓ ધુળ ખાતી નજરે પડે છે. એક તરફ પાલિકા પ્રમુખની ટર્મ પુરી થતાં પ્રમુખ નહિ હોવાના કારણે છેલ્લા એક વર્ષથી પાલિકાનો વહીવટ વહીવટદારને સોંપવામાં આવ્યો છે. પાલિકાનો વહીવટ પણ કથળતો જોવા મળે છે. નગરમાં ઠેર ઠેર ગંદકીનુ સામ્રાજય વધુત હોય તેમ વર્ષ-૨૦૨૩ અગાઉ પાલિકા સ્વચ્છતામાં ૨૦૨૩માં ક્રમે હતી. આ વખતે સ્વચ્છતાંના સર્વેમાં દે.બારીઆ ૯૦થી ઉપરનો નંબર આવતા પાલિકામાં ગંદકીનુ સામ્રાજય વધી ગયુ છે. તે આ સ્વચ્છતાંના સર્વેમાં જોવાઈ રહ્યુ છે. પાલિકા તંત્ર દ્વારા સફાઈના નામે દર વર્ષે લાખો રૂપિયાના ખર્ચે કચરા પેટીઓથી લઈ અનેક સફાઈના સાધનોની ખરીદી કરે છે. આ ધુળ ખાતી કચરા પેટીઓને જોતા કયાંક દર વર્ષે આ જ કચરાપેટીઓ બતાવી પાલિકા તંત્રમાંથી મોટી ખાઈકી કરવામાં તો નથી આવતી. ૨૦૨૩ના સ્ટીકર ઉખેડી વર્ષ-૨૦૨૪ના મારવામાં આવશે કે શુ...?આ કચરાપેટીઓ વર્ષ-૨૦૨૪માં ખરેદેલી બતાવશે. આ બાબતે ઉચ્ચ સ્તરેથી તપાસ હાથ ધરાય તો પાલિકા તંત્રની અનેક પોલ બહાર આવે તેમ છે.

# ધાનપુરના સજોઈ ગામે ઘાસ કાપવા ગયેલ ૧૪ વર્ષીય કિશોરીને સાપ કરડી જતાં સારવાર દરમિયાન મોત

દાહોદ,

દાહોદ જીલ્લાના ધાનપુર તાલુકાના સજોઈ ગામે કળમ ફળિયામાં સાંજના સુમારે પોતાના ખેતરમાં ચણાના પાકમાં ઘાસ કાપવા ગયેલ ૧૪ વર્ષીય કિશોરને હાથની આંગળીએ કાળો તરો કરડી જતાં તેનું દવા સારવાર દરમ્યાન મોત નિપજ્યાનું જાણવા મળ્યું છે.

સજોઈ ગામના કળમ ફળિયામાં રહેતા શંકરભાઈ કાળુભાઈ મોહનીયાનો દીકરો ૧૪ વર્ષીય સંજયભાઈ શંકરભાઈ મોહનીયા સાંજના સાડા પાંચેક વાગ્યાના સુમારે ચણાના પાકવાળા ખેતરમાં ઘાસ કાપવા ગયો હતો અને ઘાસ કાપી રહ્યો હતો તે દરમ્યાન તેના ડાબા હાથની આંગળીએ કાળોતરો કરડી જતાં ધીરે ધીરે તેની હાલત ગંભીર બનવા લાગતાં તેને સારવાર માટે ધાનપુર સરકારી દવાખાને ખસેડવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમ્યાન તેનું મોત નિપજ્યું હતું.

આ સંબંધે સજોઈ ગામના મરણ જનાર સંજયભાઈ મોહનીયાના પિતા શંકરભાઈ કાળુભાઈ મોહનીયાએ ધાનપુર પોલીસ સ્ટેશને લેખીત જાણ કરતા પોલીસે આ મામલે સી.આર.પી.સી. ૧૭૪ મુજબ અકસ્માત મોતના ગુનાના કાગળીયા કરી આગળ વધુ તપાસ હાથ ધરી છે.

# સમાજના નવયુવાનોને જાગૃત કરી દિશા આપવાનું કાર્ય કરતુ વણકર સમાજ




ગોધરા,

વણકર સમાજને એકતાંતણે બાંધવા માટે વડોદરા એસઆરપી પોલીસ સ્કુલ લાલબાગ ખાતે ઓલ ગુજરાત વણકર સમાજની ભવ્ય ક્રિકેટ ટુર્નામિન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. આ ટુર્નામેન્ટમાં રાજ્યભરમાંથી કુલ ૪૪ ટીમોએ ભાગ લીધો છે. સમાજના પ્રતિનિધ મુજબ આ ક્રિકેટ ટુર્નામિન્ટનો ઉદ્દેશ મનોરંજનની સાથે સમાજના યુવાનોને એકત્રિત કરીને જાગૃત કરવાનું છે. આજે સમયની સાથે ટેક્નોલોજી વધી છે. આ ટેક્નોલોજીનો અસરકારક ઉપયોગ કરીને સમાજના યુવાનો સમાજનું નામ રોશન કરે, વડીલોનું સન્માન કરે અને સમાજના વિકાસમાં એક મજબુત આધારસ્તંભ બની રહે તેવા આશય સાથે આ ટુર્નામિન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. આયોજક સમિતિના અરૂણ રાજે જણાવ્યું કે તેના આયોજન થી સમાજના લોકોનો પરસ્પર પરિચય વધશે અને સમાજની એકતાને નવું બળ અને વેગ મળશે. ઉલ્લેખનીય છે કે, દરેક સિક્કાના બે પાસાઓ હોય છે. તેવી જ રીતે ટેક્નોલોજીનો અસરકારક અને દૂરઉપયોગ કરનારાઓ છે. ટેક્નોલોજી આજે આપણી પ્રાથમિક જરૂરિયાત બની રહી છે. એવામાં બાળકો હોય કે નવયુવાનો ટેક્નોલોજી પર વધુ પડતા નિર્ભર થઈ રહ્યા છે. એવા બાળકો-નવયુવાનો મોબાઈલથી દૂર રહે અને જમીની રમતને અપનાવે તે માટે વણકર સમાજે ભવ્ય ક્રિકેટ ટુર્નામિન્ટનું આયોજન કરીને સમાજના નવયુવાનોને જાગૃત કરીને એક દિશા આપવાનું કાર્ય કર્યુ છે. સમાજના પ્રતિનિધિના જણાવ્યા મુજબ આ ટુર્નામિન્ટ થકી સમાજની એકતાને તાકાત મળશે. તેમજ એકબીજાને મદદરૂપ થવા માટે આ ક્રિકેટ ટુર્નામિન્ટ એક શ્રેષ્ઠ પ્લેટફોર્મ સાબિત થશે.

# દાહોદ લુહારવાડામાં વરઘોડામાં ફટાકડા ફોડતા ચિનગારી હોલસેલ ડિસ્પોઝરની દુકાનમાં જતાં આગ ભભૂકી ફાયર ફાયટરોએ આગ પર કાબુ મેળવ્યો



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ શહેરના લુહારવાડામાં જાનૈયાઓનો વરઘોડો પસાર થતાં અને વરઘોડામાં ફટાકડા ફોડવામાં આવતાં ફટાકડાની ચિંગારી વિસ્તારમાં આવેલ એક હોલસેલના ડિસ્પોઝરની દુકાનમાં લાગતાંની સાથે ડિસ્પોઝરની દુકાનમાં જોતજોતામાં આગ ભભુકી ઉઠી હતી. ઘટનાની જાણ સ્થાનીક ફાયર ફાઈટરને કરવામાં આવતાં ફાયર ફાઈટરના લાશ્કરોએ પાણીનો ભારે મારો ચલાવી ભારે જહેમત બાદ આગ ઉપર કાબુ મેળવ્યો હતો. દાહોદ શહેરના લુહારવાડામાં આગ લાગતાં વિસ્તારમાં અફરા તફરીનો માહૌલ સર્જાઈ જવા પામ્યો હતો જાણવા મળ્યાં અનુસાર, ગતરોજ સમી સાંજના સમયે એક જાનૈયાઓનો વરઘોડો પસાર થઈ રહ્યો હતો અને આ વરઘોડામાં આતશબાજી અને ફટાકડા ફોડવામાં આવ્યાં હતા. ત્યારે આ આતશબાજી અને ફટાકડા ફોડવામાં આવતાં તેની ચિંગારી આ વિસ્તારમાં આવેલ એક હોલસેલના ડિસ્પોઝલની દુકાનમાં ધાબા પર મુકેલા ડિસ્લોઝલના માલસામાનમાં આગ લાગતાં જોતજોતમાં આગે વિકરાળ રૂપ ધારણ કર્યુ હતું. ઘટનાને પગલે વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી. ઘટનાની જાણ સ્થાનીક ફાયર ફાઈટરને કરવામાં આવતાં ફાયર ફાઈટરના લાશ્કરો પાણીના બંબા સાથે ઘટના સ્થળ પર દોડી ગયાં હતાં જ્યાં ભારે જહેમત બાદ આગ ઉપર કાબુ મેળવ્યો હતો. ઘટનાની જાણ સ્થાનીક એમજીવીસીએલને પણ કરવામાં આવતાં એમજીવીસીએલના કર્મચારીઓએ પણ કામગીરી હાથ ધરી હતી. ત્યારે આ આગમાં કેટલા રૂપીયાનું નુકસાન થયું તે હાલ જાણી શકાયું નથી પરંતુ સમગ્ર મામલે પોલીસે તપાસ હાથ ધરી છે.

# સંજેલીથી લુણાવાડા-અમદાવાદ ST બસ શરૂ કરવા રજુઆત

સંજેલી,

સંજેલીથી સુલિયાત, મોરા, ઉબેરટેકરા, મોટીરેલ, લુણાવાડા થઈ અમદાવાદ નવીન એસ.ટી બસ સેવા શરૂ કરવા પુર્વ મંત્રી નિમીષાબેન સુથારે વાહનમંત્રી હર્ષ સંઘવીને લેખિત ભલામણ કરી હતી. સંજેલી તાલુકા મથકે નવીન એસટી બસ સ્ટેન્ડ બનાવ્યુ છે. લોકોને એસ.ટી. બસની મુસાફરી મળી રહે તે માટે લાંબી તેમજ લાંબા રૂટની બસ સેવા શરૂ કરવામાં આવી છે. પંચમહાલ, મહિસાગર અને દાહોદ જિલ્લાની સરહદે આવેલા આ સંજેલી તાલુકામાંથી આઠ વાગ્યા પછી બસ સેવા ન હોવાથી અમદાવાદની મુસાફરી કરવા માટે સંતરામપુર કે લુણાવાડા તરફ સમય તેમજ પૈસાનો બગાડ કરીને લાંબા થવુ પડે છે. જે સમસ્યાને હલ કરવા માટે સંજેલી જુસ્સા, માંડલી, સુલિયાત, મોરા, ઉબેરટેકરા, મોટીરેલ, વાંકડી, ગોધરા, લુણાવાડા થઈ અમદાવાદ તરફ જવાની એસ.ટી. બસ સેવા શરૂ કરવા બીજેપી આદિજાતી મોરચાના ઉપપ્રમુખ કાંતિભાઈ બામણિયા દ્વારા પુર્વ મંત્રી અને ધારાસભ્યને રજુઆત કરવામાં આવી છે. જેને ધ્યાને લઈને પુર્વ મંત્રીએ વાહન વ્યવહાર મંત્રીને નવીન એસ.ટી.બસ સેવા શરૂ કરવા માટે ભલામણ કરવામાં આવી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 27, No.145

